# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી — તા. ૩૦-૦૭-૨૦૨૩

૩૩ જીલ્લા અને આઠ શહેરના કોંગ્રેસ પક્ષના સંગઠન પ્રમુખશ્રીઓની અગત્યની સંવાદ બેઠક આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલના અધ્યક્ષ સ્થાને મળી હતી જેમાં વિધાનસભા કોંગ્રેસપક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, એ.આઈ.સી.સી.ના મંત્રી અને સંગઠન સહપ્રભારીશ્રી ઉષા નાયડુજી, શ્રી રામકિશન ઓઝાજી અને શ્રી બી.એમ. સંદીપજી ઉપસ્થિત રહ્યાં હતાં.

શહેર-જીલ્લાના કોંગ્રેસ પ્રમુખશ્રીની 'સંવાદ બેઠક'માં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, પક્ષમાં કામ કરનારને મહત્વ મળશે. નેતા આધારે નહિ પણ પક્ષની વિચારધારા માટે જે અસરકાર અને મજબૂતીથી કામ કરશે તેઓને મહત્વ અપાશે. કોંગ્રેસ પક્ષની વિચારધારાને વધુ લોકો સુધી પહોંચાડનારા માટે સ્થાનિક જનસંપર્ક મહત્વનો છે. વિવિધ ક્ષેત્રોમાં સ્થાનિક કક્ષાએ કામ કરનારને પક્ષમાં જોડીને મજબૂત કરવી સમયની માંગ છે.

મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર સહિતના સ્થાનિક પ્રશ્નોને લઈને જનતાને સાથે રાખી કોંગ્રેસ પક્ષ લડત આપશે. કોંગ્રેસ સંગઠન અને જવાબદારીની સાથે સાથે જવાબદેહી પણ નક્કી કરાશે જેથી તમામ કક્ષાએ જરૂરી સંગઠનના સહયોગથી પ્રજાલક્ષી કાર્યક્રમો સફળ બનાવીશું.

કામ કરશે તેને સંગઠનમાં મહત્વ રહેશે. કામ ના કરનારાને પદ છોડી દેવું જોઈએ. કામની વહેંચણી અને જવાબદારી નક્કી કરાશે. સામાજીક અને રાજકીય કાર્યક્રમ કરવા અને જેમાં વધુમાં વધુ લોકો જોડાય તે જરૂરી છે. દરેક પ્રભારીએ પ્રવાસ કરવાનું છે અને જે ચૂંટણી લડેલાઓને સક્રિય કરીને સંગઠનના કામમાં જોડવા પડશે. કોંગ્રેસ પક્ષના જુના માણસોને સક્રિય કરવા જરૂરી છે. **બદલાવ દેખાશે, બદલવા માટે આપણે સૌએ તૈયારી રાખવી પડશે.** તમામના યોગદાનથી એક પણ રૂપિયાના પ્રદેશ સમિતિ તરફથી ખર્ચ વિના- ગાંધી આશ્રમથી પદયાત્રા યોજાઈ જે તમામના સહયોગથી સફળ બની. આ તાકાત સંગઠન જિલ્લા / શહેર મજબૂતીથી કામ કરે, આવતીકાલે સંગઠનને મહત્વ મળશે. જે પક્ષના સંગઠનમાં સમય આપી ને કોંગ્રેસ માટે અસરકારક કામગીરી કરે છે તેઓની રાજકીય કારકિર્દીની ચિંતા પ્રદેશ કોંગ્રેસ કરશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી કુલદીપ શર્મા, કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય પ્રવક્તાશ્રી રોહન ગુપ્તાએ સંગઠન લક્ષી માર્ગદર્શન આપ્યું હતું. ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, કાર્યકારી પ્રમુખશ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, મહામંત્રીશ્રી નઈમ બેગ મિરઝા, મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી મહત્વની સંવાદ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતાં.

(ડૉ. મનિષ એમ. દોશી)
કન્વીનર અને પ્રવક્તા